NSDL
Technology, Trust & Reach

નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ

ડીમેટ ખાતા ધારકો માટે ઈ-માર્ગદર્શિકા

વિષય સૂચિ

પરિચય... Error! Bookmark not defined.
ચાલો પાયાની બાબતોથી શરૂઆત કરીએ 5
મૂડી બજાર શું છે?...5
સિક્યોરિટીઝ શું છે? 6
સિક્યોરિટીઝના પ્રાથમિક અને ગૌણ બજારનો અર્થ શું થાય છે? 6
મૂડી બજારમાં એસઈબીઆઈ(SEBI)ની ભૂમિકા શું છે?.......................................7
મૂડી બજારમાં એનએસડીએલ (NSDL)ની ભૂમિકા શું છે?..................................7
ડીમેટની સમજણ...9
'ડીમેટ'નો અર્થ શું થાય છે?..9
ડિપોઝિટરી શું છે? 9
ડિપોઝિટરી ખાતું શું છે?...10
ડિપોઝિટરી સહભાગી કોણ છે? 10
ડીમેટ ખાતું ધરાવવા માટેના લાભો કયા છે?...10
એનએસડીએલ દ્વારા પૂરી પડાતી સેવાઓ...12
ડીમેટ ખાતું ખોલાવવું 12
મૂળભૂત સેવાઓ ડીમેટ ખાતું.. 20
સિક્યોરિટીઝનું ડિમટીરિયલાઈઝેશન 22
સિક્યોરિટીઝનું રિમટીરિયલાઈઝેશન 28
માર્કેટ ટ્રેડ્સ માટે સમાધાન અને સિક્યોરિટીઝ ટ્રાન્સફર 29

સિક્યોરિટીઝનું ટ્રાન્સમિશન 36

નોમિનેશન..40

સિક્યોરીટીઝને ગીરે મુકવી અને હાયપોથેકેશન..43

સિક્યોરીટીઝનું ધિરાણ કરવું અને ઉધાર મુકવું..47

ડીમેટ ખાતા માટે પાવર ઓફ એટર્નીનો ઉપયોગ 50

એનએસડીએલ તરફથી ઈ-સેવાઓ 52
સ્પીડ-ઈ 52

આઈડીઈએએસ..54

એનએસડીએલ મોબાઈલ એપ્લિકેશન..54

ઈ-વોટિંગ 54

એનએસડીએલ તરફથી અન્ય ઉપયોગી સેવાઓ..55
એનએસડીએલ એકીકૃત ખાતાનું સ્ટેટમેન્ટ 55

એસએમએસ એલર્ટ સુવિધા..56

ડીમેટ ખાતામાં અપડેટ/ ફેરફાર 62

ડીમેટ ખાતામાં કોર્પોરેટ લાભો મેળવવા 65

એનએસડીએલ સેવાઓ માટે શુલ્ક..67
તમારા ડીમેટ ખાતાની કાળજી લેવી..68
વધુ માહિતી 73
ડિવિડન્ડ / શેર માટે રિફંડનો દાવો પ્રાપ્ત નથી થયો..73

સિક્યોરિટીઝના ટ્રાન્સફર માટે ડીમેટ ફરજિયાત..75

રોકાણકાર જાગરૂકતા કાર્યક્રમો 76

ફરિયાદ નિવારણ..77

અન્ય રોકાણકાર કેન્દ્રિત સેવાઓ 77

કેવાયસી રજીસ્ટ્રેશન એજન્સી (કેઆરએ) 78

નેશનલ એકેડેમિક ડિપોઝિટરી (એનએડી) 78

એનઆઈઆર ખાતું (ઈ-વીમા ખાતું) 78

એનએસડીએલ સંપર્ક 79

ઉપયોગી લિન્ક 82

ઉપયોગમાં લેવાયેલ સંક્ષિપ્ત શબ્દો 83

પ્રસ્તાવના

પ્રિય વાચક,

એનએસડીએલ (NSDL)માં રસ દાખવવા બદલ અમે 'આપનો આભાર' માનીએ છીએ.

એનએસડીએલ (NSDL)એ તેની કામગીરી 1996માં શરૂ કરી હતી. ત્યારથી, એનએસડીએલ ડિપોઝિટરી સિસ્ટમના ઉપયોગકર્તાઓની સંખ્યા સતત વધી રહી છે. અમારા પ્રયત્નો છે કે અમે એનએસડીએલ (NSDL) ડિપોઝિટરી સિસ્ટમના તમામ હાલના અને સંભવિત ઉપયોગકર્તાઓને ઉપલબ્ધ સુવિધાઓ અને લાભો વિશે અને એનએસડીએલ (NSDL) ડિપોઝિટરી સિસ્ટમનો ઉપયોગ કરવામાં રાખવી પડતી સુવિધાઓ અંગે જાણકાર રાખીએ.

અમે, એનએસડીએલ (NSDL) ખાતે, માનીએ છીએ કે દરેક ભારતીય 'સમજદાર રોકાણકાર' હોવા જોઇએ અને નહીં કે માત્ર રોકાણકાર. અમે તમારા આ પુસ્તિકા વાંચવાના નિર્ણયની પ્રશંસા કરીએ છીએ. આ પુસ્તકમાં આપવામાં આવેલ માહિતી તમને 'સમજદાર રોકાણકાર' બનવા તરફનું પગલું લેવામાં મદદ કરશે'.

એનએસડીએલ (NSDL)ના થોડા પરિચય સિવાય, અમે અહીં તમને એક વાર એનએસડીએલ (NSDL) ખાતું ખોલાવો પછી તમને ઉપલબ્ધ હોઈ તેવી વિવિધ સેવાઓનો સારાંશ પણ આપ્યો છે. જો તમને વધુ માહિતી અથવા કોઈપણ સ્પષ્ટીકરણ જોઈતું હોઈ તો, કૃપા કરી અમારો સંપર્ક કરવા ખચકાશો નહીં. અમે આને વધુ સરસ બનાવવા તમારા સૂચનો અને પ્રતિભાવોની આશા રાખીએ છીએ.

શુભેચ્છાઓ,

એનએસડીએલ (NSDL) ટીમ

ચાલો પાયાની બાબતોથી શરૂઆત કરીએ

મૂડી બજાર શું છે?

મૂડી બજાર, સરળ શબ્દોમાં મૂડી અથવા ભંડોળ માટેનું બજાર છે, જયાં જે લોકોને તેમનો વ્યપાર માટે ભંડોળની જરૂર છે તેઓ એવા લોકો કે જે તેમને ભંડોળ પૂરૂ પાડવા માંગે છે તેમની શોધ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, મૂડી બજાર એક એવું બજાર છે જયાં લોકો વિવિધ પ્રકારના નાણાકીય સાધનો ખરીદવા અને વેચવામાં વ્યસ્ત છે. જેમાં નિયમનકાર (SEBI/એસઈબીઆઈ), સ્ટોક એક્સચેન્જ (એનએસઈ (NSE)/બીએસઈ (BSE) વગેરે) ડિપોઝિટરી (એનએસડીએલ(NSDL)/સીડીએસએલ(CDSL) અને અન્ય મધ્યસ્થીઓ જેમકે સ્ટોકબ્રોકર્સ, ડીપી (DPs), કસ્ટોડિયન, આરટીએ (RTAs), વેપારી બેન્કર્સ વગેરેનો સમાવેશ થાય છે. ભારતીય મૂડી બજારોનું વિસ્તૃત માળખું આકૃતિ નંબર 1માં આપવામાં આવ્યું છે



આકૃતિ 1

સિક્યોરિટીઝ શું છે?

સિક્યોરિટીઝ વિવિધ પ્રકારના નાણાકીય સાધનો છે, જેમનો મૂડી બજારમાં વેપાર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ એવા સાધનો છે કે જેના દ્વારા ભંડોળ પૂરૂ પાડનારાઓ દ્વારા ભંડોળ શોધનારાને ભંડોળ આપવામાં આવે છે. ચાલો આ સમજવા માટે આપણે એક ઉદાહરણ લઈએ. શ્રીમાન એ એબીસી લિમિટેડના જાણીતા ઉદ્યોગપતિ અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેઓ એબીસી સિમેન્ટ લિમિટેડના નામે એક નવો સિમેન્ટ પ્લાન્ટ શરૂ કરવા માંગે છે. આને માટે પૈસા (મૂડી)ની મોટી રકમની જરૂરિયાત છે, કે જેને તેઓ પોતે કે એબીસી લિમિટેડ ઉભી કરવા અસક્ષમ છે. તેથી, તેમણે ભંડોળના બદલામાં ઈક્વિટી શેર ઑફર કરીને મૂડીબજારમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો છે. તેઓ ઈનિશિયલ પબ્લિક ઑફર અથવા આઈપીઓ (IPO) (પ્રારંભિક કારણ કે એબીસી લિમિટેડ પહેલીવાર જાહેર જનતા પાસેથી ભંડોળ મેળવવા માંગે છે) સાથે આવ્યા છે. જનતા સહમત ભાવ ચૂકવીને શેરો મેળવવા અરજી કરી શકે છે. યોગ્ય પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા પછી, કંપની પોતાના બેંકના ખાતામાં ભંડોળ મેળવે છે અને અરજદારોને શેર ઈશ્યૂ કરે છે, આમ તેમને કંપની તેના શેરધારકો બનાવે છે.

ઉપરોક્ત વર્ણવવામાં આવેલ શેર એક પ્રકારની સિક્યોરિટી છે. અન્ય ઉદાહરણો છે - ડિબેન્ચર્સ, બોન્ડ્ઝ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટો, કોમર્શિયલ પેપર્સ, ડિપોઝિટનું પ્રમાણપત્ર, સરકારી સિક્યોરિટીઝ વગેરે છે.

સિક્યોરિટીઝના પ્રાથમિક અને ગૌણ બજારનો અર્થ શું થાય છે?

ઈશ્યૂ કરનાર દ્વારા જનતાને શેર અથવા સિક્યોરિટીઝની ફાળવણીને 'પ્રાથમિક બજાર' કહેવામાં આવે છે. શેરબજાર કે જે પહેલેથી ઈશ્યૂ થયેલ સિક્યોરિટીઝના વેપાર (ખરીદવા અને વેચવા) માટેનું સ્થળ છે, તેને 'ગૌણ બજાર' કહેવામાં આવે છે. કોઈપણ શેરધારક તેના શેરને એસઈબીઆઈ(SEBI) દ્વારા રજીસ્ટર થયેલ

સ્ટોકબ્રોકરને બીએસઈ(BSE) અથવા એનએસઈ(NSE) જેવા શેર બજારો દ્વારા પૂરા પાડવામાં આવેલ પ્લેટફોર્મ પર વેચવા માટે આપી શકે છે.

કોઈપણ વ્યક્તિ સહમત કિંમત ચૂકવીને આ શેરો તેના/તેણીના સ્ટોકબ્રોકરો દ્વારા ખરીદી શકે છે.

મૂડી બજારમાં એસઈબીઆઈ(SEBI)ની ભૂમિકા શું છે?

એસઈબીઆઈ(SEBI) અથવા ભારતનું સિક્યોરિટીઝ અને એક્સચેન્જ બોર્ડ, ભારતમાં મૂડી બજારનું નિયમનકાર છે. તેનું નિર્માણ 1988માં બિન-વૈધાનિક સંસ્થા દ્વારા થયું હતું. જે પછીથી 1992માં, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા એક્ટ, 1992 પસાર કર્યા પછી, તે રોકાણકારોના હિતોને સુરક્ષિત રાખવા માટે અને વિકાસને પ્રોત્સાહિત કરવા, અને સિક્યોરિટીઝ માર્કેટનું નિયમન કરવા માટે એક વૈધાનિક સત્તાવાળી સ્વાયત્ત સંસ્થા બની. એસઈબીઆઈ(SEBI) પાસે મૂડીબજારમાં વિવિધ બજાર મધ્યસ્થીની નોંધણી કરવાની, સતત દેખરેખ દ્વારા તમામ બજાર મધ્યસ્થીઓનું નિયમન કરવાની અને તેના નિયમોના ઉલ્લંઘન માટે કોઈ પણ બજાર મધ્યસ્થીને દંડિત કરવાની વ્યાપક સત્તા રહેલી છે.

મૂડી બજારમાં એનએસડીએલ (NSDL)ની ભૂમિકા શું છે?

એનએસડીએલ (NSDL), જેની સ્થાપના 1996માં થઈ, તે આજે વિશ્વની સૌથી મોટી ડિપોઝિટરીઝમાંની એક છે. ડિપોઝિટરી તરીકે, તે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં એટલે કે, અભૌતિક સ્વરૂપમાં શેર અને અન્ય પ્રકારની સિક્યોરિટીઝ રાખવા માટે સક્ષમ છે. એક ડીમેટ ખાતું ધરાવવા દ્વારા, કોઈપણ વ્યક્તિ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવી શકે છે અને તેના/તેણીના ડીમેટ ખાતામાંથી કોઈપણ સિક્યોરિટીને કોઈપણ અન્ય ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરી શકે છે. મુડી બજારોમાં ડિપોઝિટરી અને વિવિધ અન્ય સ્ટેકહોલ્ડર વચ્ચેનું આંતરજોડાણ આકૃતિ નંબર 2માં બતાવવામાં આવ્યું છે.



આકૃતિ 2

ભારતીય મૂડી બજારોમાં એનએસડીએલ (NSDL)ના યોગદાને તેને વિશ્વમાં વિવિધ મોરચાઓ પર અગ્રણી મૂડી બજારોમાંથી એક બનાવ્યુ છે. વિવિધ ઉત્પાદનો અને સેવાઓ માટે અત્યાધુનિક તકનિક અપનાવવાની સાથે અને દેશની અંદર અજોડ પહોંચ દ્વારા એનએસડીએલ (NSDL)એ રોકાણકારો અને અન્ય મધ્યસ્થીઓનો વિશ્વાસ જીત્યો છે, આમ એ તેની ટેગ લાઈન – તકનિક, વિશ્વાસ અને પહોંચ પર ખરા ઉતર્યા છે.

એનએસડીએલ (NSDL) તેના 275થી વધુ ડીપી (DPs) (ડિપોઝિટરી સહભાગીઓ)ના નેટવર્ક દ્વારા રોકાણકારો, સ્ટોક બ્રોકરો, શેરબજારો, કસ્ટોડિયન વગેરે માટે ઘણી બધી સેવાઓ પૂરી પાડે છે. ઘણી મોટી બેન્કો (રાષ્ટ્રીયકૃત, ખાનગી અને સહકારી), સ્ટોક બ્રોકર્સ અને નાણાકીય સંસ્થાઓ એનએસડીએલ (NSDL)માં ડીપી

(DPs) તરીકે જોડાયા છે. એનએસડીએલ (NSDL) ડીપી (DPs) દેશમાં ફેલાયેલા 30,700 સેવા કેન્દ્રો, અને અમુક વિદેશોમાં છે, ત્યાંથી કામ કરે છે. એનએસડીએલ (NSDL) ડીપી (DPs) અને તેના સેવા કેન્દ્રોની યાદી https://nsdl.co.in/dpsch.php પર ઉપલબ્ધ છે.

ડીમેટની સમજણ

'ડીમેટ'નો અર્થ શું થાય છે?

ડીમેટ એ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવવાનું કે રાખવાનું સ્વરૂપ છે. આ કાગળ સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવવાનો એક કાનુની વિકલ્પ છે.

ડિપોઝિટરી શું છે?

ડિપોઝિટરી શેરો માટેની બેન્ક છે. જેમ આપણે બેન્કમાંના આપણા બચત ખાતામાં પૈસા રાખીએ છીએ, તેમ આપણે શેર વગેરેમાંના આપણા રોકાણને ડિપોઝિટ તરીકે આપણા ડીમેટ ખાતામાં રાખી શકીએ છીએ. જેમ બેન્ક આપણને પૈસા આપણા ખાતામાંથી અન્ય વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરવામાં મદદ કરે છે, તેમ ડિપોઝિટરી આપણને શેર વગેરેને એક ડીમેટ ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરવામાં મદદ કરે છે. જેમ બેન્ક તેની શાખાઓ દ્વારા તેના ગ્રાહકો માટે તેની સેવા વધારે છે, તેમ ડિપોઝિટરી તેની સેવાઓ તેના એજન્ટના નેટવર્ક કે જેને (ડિપોઝિટરી) સહભાગી કહેવાય છે તેમના દ્વારા વધારે છે. આ ઉપરાંત ડિપોઝિટરી મૂડી બજારોમાં વિવિધ સ્ટેકહોલ્ડર્સને ઘણી અન્ય સેવાઓ પૂરી પાડે છે.

ડિપોઝિટરી ખાતું શું છે?

ડિપોઝિટરી ખાતું બેન્કના ખાતા જેવું જ હોઈ છે, જે ડિપોઝિટરીમાં રખાયેલ હોઈ છે. બેન્ક ખાતાનો ઉપયોગ પૈસા રાખવા અને વ્યહવાર માટે થાય છે, ડિપોઝિટરી ખાતાનો ઉપયોગ સિક્યોરીટીઝ રાખવા અને વ્યહવાર માટે થાય છે. ડિપોઝિટરી ખાતાને ડીમેટ ખાતા તરીકે ઓળખવામાં આવે છે.

ડિપોઝિટરી સહભાગી કોણ છે?

ડિપોઝિટરી રોકાણકારોને તેના ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી) કહેવાતા એજન્ટો દ્વારા સેવા પૂરી પાડે છે. આ એજન્ટોને એસઈબીઆઈ સાથેના તેમના રજીસ્ટ્રેશન પછી એનએસડીએલ દ્વારા એપોઈન્ટ કરવામાં આવે છે. જો રોકાણકાર ડિપોઝિટરી દ્વારા આપવામાં આવતી સેવાઓ મેળવવા માંગતાં હોઈ, તેણે/તેણીએ કોઈપણ ડીપી સાથે ડીમેટ ખાતું ખોલાવવાની જરૂર રહે છે. આ બેન્કની કોઈપણ સેવાનો ઉપયોગ કરવા તેની કોઈપણ બ્રાન્ચમાં બચત ખાતું ખોલાવવા જેવું જ હોઈ છે. તમે ડીપીની યાદી https://nsdl.co.in/dpsch.php પર મેળવી શકો છો.

ડીમેટ ખાતું ધરાવવા માટેના લાભો કયા છે?

ડીમેટ ખાતું ધરાવવા માટેના લાભો આ મુજબ છે:

a. સિક્યોરિટીઝનું તત્કાળ ટ્રાન્સફર.

b. સિક્યોરિટીઝના ટ્રાન્સફર પર કોઈ સ્ટેમ્પ ડ્યુટી નહીં.[1]

[1] વાર્ષિક વર્ષ 2019 – 20 માટેના સૂચિત ફાઇનાન્સ બિલમાં ફેરફારોને આધારિત.

c. ખરાબ ડિલિવરી, નકલી સિક્યોરિટીઝ જેવા ભૌતિક પ્રમાણપત્રો સાથે સંકળાયેલ જોખમો દૂર કરવા

d. સિક્યોરિટીઝ ટ્રાન્સફરમાં સંકળાયેલ પેપર વર્કમાં ઘટાડો.

e. ટ્રાન્ઝેક્શન ખર્ચમાં ઘટાડો.

f. સરનામું/ બેન્ક ખાતાની વિગતો વગેરેમાં ફેરફાર કરવામાં સરળતા, કારણ કે ડીમેટ ખાતામાં થયેલ અપડેટને બધી સંબંધિત કંપનીઓને અલગથી તેમની સાથે અનુરૂપતાની જરૂરિયાત દૂર કરવા જણાવવામાં આવે છે.

g. સિક્યોરિટીઝના ટ્રાન્સમિશનમાં સરળતા આવે છે કારણ કે સમગ્ર પ્રક્રિયા ડીપી દ્વારા કંપની સાથે સુસંગતા દૂર કરી શકે છે.

h. ફોલિયો / ખાતાના એકીકરણની અનુકૂળ સિસ્ટમ

i. વિવિધ પ્રકારની સિક્યોરિટીઝ જેમકે ઈક્વિટી, ડિબેન્ચર, બોન્ડ્સ, સરકારી સિક્યોરિટીઝ, સોવરિન ગોલ્ડ બોન્ડ્સ, મ્યુચ્યુઅલ ફંડ વગેરેને એક જ ખાતામાં રાખી શકો છો.

j. વિભાજન / એકીકરણ / મર્જર વગેરે દ્વારા ઉદ્ભવતા શેર, મ્યુચઅલ ફંડ યુનિટો વગેરેની આપોઆપ ક્રેડિટ થાય છે.

એનએસડીએલ દ્વારા પૂરી પડાતી સેવાઓ

ડિપોઝિટરી તરીકે, એનએસડીએલ રોકાણકારો, ઈસ્યુકરનાર કંપનીઓ, સ્ટોકહોલ્ડરો અને ક્લિયરિંગ કોર્પોરેશન્સને વિવિધ સેવાઓ પૂરી પાડે છે. રોકાણકારોએ કોઈપણ સેવાઓ મેળવવા માટે કોઈપણ ડિપોઝિટરીનો સંપર્ક કરવો જોઈએ.

ડીમેટ ખાતું ખોલાવવું

1. એનએસડીએલ ડીમેટ ખાતું કેવી રીતે ખોલાવવું?

ડીમેટ ખાતું ખોલાવવું ઘણું સરળ છે. તમારે માત્ર એનએસડીએલ ડીપીનો જ સંપર્ક કરવાનો છે, કે જે તમને ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં મદદ કરશે. તમારે ફોર્મ ભરીને, પૅન કાર્ડ અને સરનામાનાં પુરાવા જમા કરાવવું જરૂરી છે. ઉપરાંત, તમારે તમારા બેન્કના ખાતાની વિગતો પૂરી પાડવાની રહેશે.

તમારુ ડીમેટ ખાતું ખોલાઈ જાય પછી, તમારા ડીપી તમને ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડી, તમારા ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટની એક નકલ કે જે તમારા ડીમેટ ખાતા સંબંધિત વિગતો, ટેરિફ શીટ અને ' લાભકારી માલિક અને ડિપોઝિટરી સહભાગીના અધિકારો અને જવાબદારીઓ'નો સમાવેશ કરે છે. ડીપી આઈડી 8 અક્ષરોનો લાંબો કોડ હોઈ છે (ઉદાહરણ IN3XXXXX) જે એનએસડીએલ દ્વારા દરેક ડીપીને તેમને ઓળખવા માટે આપવામાં આવેલ હોઈ છે. ડીપી

આઈડી અને ક્લાયન્ટ આઈડીના સંયોજનથી એનએસડીએલ સિસ્ટમમાં તમારો અનન્ય ખાતા નંબર બને છે.

તમારી બધી વિગતો ડિપોઝિટરી સિસ્ટમમાં યોગ્યરીતે રેકોર્ડ કરવામાં આવેલ છે તે સુનિશ્ચિત કરવા માટે તમારે ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટને ચકાસવો જોઈએ. જો તમે શેર વગેરેમાં ટ્રેડ કરવા માંગતા હોવ (એટલે કે ખરીદ અથવા વેચાણ) તમારે કોઈપણ એસઈબીઆઈ રજીસ્ટ્રર્ડ સ્ટોકબ્રોકર પાસે ટ્રેડિંગ/બ્રોકિંગ ખાતું ખોલાવવું જોઈએ. ઘણાં ડીપી છે કે જેઓ રોકાણકારોના લાભ માટે 3-ઈન -1 વ્યવસ્થા પૂરી પાડે છે (3-ઈન -1 એ ડીમેટ ખાતું, ટ્રેડિંગ ખાતું અને બેન્ક ખાતાનું સંયોજન છે).

2. હું ડીપીની પસંદગી કેવી રીતે કરી શકું?

તમે બચત ખાતું ખોલાવવા માટે જેમ બેન્કની પસંદગી કરો છો તેમ તમે ડીમેટ ખાતું ખોલાવવા માટે તમારા ડીપીની પસંદગી કરી શકો છો. ડીપીની પસંદગી કરવા માટેના અમુક અગત્યના પરિબળો હોઈ શકે છે:

a. અનૂકૂળતા – તમારી ઓફિસ/ નિવાસસ્થાનથી નિકટતા, કાર્યાલયના કલાકો.

b. સગવડ – ડીપીની પ્રતિષ્ઠા, સંગઠન સાથે ભૂતકાળમાં સંબંધ, શું ડીપી તમને જરૂર છે તે વિશિષ્ટ સેવા પૂરી પાડવાની સ્થિતિમાં છે કે નહીં?

c. સેવાનો ખર્ચ/સ્તર – ડીપી દ્વારા લાદવામાં આવતા સર્વિસ ચાર્જીસ અને સેવાના ધોરણો.

ડીપીના સ્થળો અને તેમના તુલનાત્મક ચાર્જ માળખાની સૂચિ મેળવવા માટે, કૃપા કરી https://nsdl.co.in/joining/joincharges.phpની મુલાકાત લો.

3. શું બધા ડીપી એકસરખા હોઈ છે?

એનએસડીએલએ ડીપી બનવા માટે અમુક મૂળભૂત પાત્રતા માપદંડ નિર્દિષ્ટ કરેલ છે. એસઈબીઆઈના નિયમોની સંબંધિત જોગવાઈઓ કરતાં કેટલાક ચોક્કસ સંદર્ભોમાં માપદંડ સમાન અથવા તેનાથી પણ ઉચ્ચ છે. બધા ડીપી એસઈબીઆઈ દ્વારા નોંધણી પ્રમાણપત્ર આપ્યા પછી જ તેઓ એનએસડીએલ દ્વારા નિયુક્ત થયા મુજબ એકસરખાં જ હોઈ છે. આમછતાં, પૂરી પાડવામાં આવતી સેવાઓના પ્રકાર, સેવાઓના ધોરણો અને સેવાઓ પૂરી પાડવા માટેના ચાર્જ ડીપીઓ આધારે અલગ અલગ હોઈ શકે છે.

4. જો મારે ડીમેટ ખાતું ખોલાવવું હોઈ તો મારે શું કરવું જોઇએ?

એકવાર તમે ચોક્કસ ડીપી સાથે ખાતું ખોલાવવાનું નક્કી કરો પછી, તમે તે ડીપીનો સંપર્ક કરી ખાતા ખોલાવવાનું ફોર્મ ભરી શકો છો. તમારે તમારા ફોટોગ્રાફ અને નીચેના દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલ પૂરી પાડવાની રહેશે –

a. પૅન કાર્ડ (સિક્કિમના રહેવાસીઓ કે જેની પાસે પૅન કાર્ડ ન હોઈ, તેઓ અન્ય ઓળખ પુરાવા આપી શકે છે).
b. સરનામાનો પુરાવો (પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, મતદાતા ઓળખ કાર્ડ અને નરેગા (NREGA) જોબ કાર્ડમાંથી કોઈપણ એક).
c. કેન્સલ કરેલ ચેક અથવા પાસબુક અથવા તમારુ નામ, ખાતું નંબર, આઈએફએસસી અને એમઆઈસીઆર કોડ ધરાવતાં બેન્કના સ્ટેટમેન્ટની નકલ.

કૃપા કરી ડીપીમાં ચકાસણી માટે મૂળભૂત દસ્તાવેજો સાથે લઈ જવાનું યાદ રાખો. જો તમે મૂળ દસ્તાવેજો ચકાસણી માટે બતાવવા માટે અસક્ષમ છો, તો ફોટોકોપી કોઈપણ અધિકૃત અધિકારી દ્વારા પ્રમાણિત થવી જોઈએ, જેમકે પ્બલિક નોટરી. તમારી ડીપી ઉપરોક્ત તેની જરૂરિયાતો ઉપરાંત તેની આવશ્યકતાઓ માટે ઓળખ/ સરનામાં માટે વધારાના પુરાવા માટે પૂછી શકે છે. ખાતું ખોલાવવા માટેની પ્રક્રિયા આકૃતિ નંબર 3માં બતાવવામાં આવેલ છે.

ડીમેટ ખાતું ખોલાવવાની પ્રક્રિયા



આકૃતિ 3

5. વ્યક્તિગત ચકાસણી શું છે?

એસઈબીઆઈ માર્ગદર્શિકા અનુસાર ખાતું ખોલાવતી વખતે અરજદારની ઓળખ સ્થાપિત કરવી ફરજિયાત છે. આ ડીપીના સ્ટાફ દ્વારા ખાતા ખોલાવવાના ફોર્મ પરના ફોટો સાથે ખાતું ખોલવવા માંગનારના પૅનકાર્ડ દસ્તાવેજ પરના ફોટો સાથે ચકાસીને કરવામાં આવે છે. જોઈન્ટ ખાતા ધારકો માટે, 'વ્યક્તિગત ચકાસણી' બધા ધારકો માટે આવશ્યક હોઈ છે.

6. હું એક કરતાં વધુ ડીમેટ ખાતા ખોલી શકું છું?

હા, તમે તમારી જરૂરિયાત અને પસંદગીના આધારે એજ ડીપી અથવા અન્ય ડીપીઓ સાથે એક કરતાં વધુ ખાતા ખોલી શકો છો. કૃપા કરી નોંધો કે આવા બધા ખાતા ખોલાવવા માટે તમારે ચાર્જીસ ચૂકવવાના રહેશે.

7. શું મારે મારા ડીમેટ ખાતામાં સિક્યોરિટીઝની કોઈપણ ન્યૂનતમ બેલેન્સ રાખવાની જરૂર છે?

ના, ડિપોઝિટરીએ કોઇ ન્યૂનતમ બેલેન્સ સૂચિત કરી નથી. તમે તમારા ડીમેટ ખાતામાં શૂન્ય બેલેન્સ રાખી શકો છો.

8. મારે ખાતું ખોલાવતી વખતે મારા બેન્ક ખાતાની વિગતો શા માટે આપવી જોઇએ?

ડીમેટ ખાતું ખોલાવતી વખતે બેન્ક ખાતાની વિગતો આપવી ફરજીયાત છે. આ બેન્કની વિગતો ઈસ્યુયર કંપની/ આરટીએ સાથે તમને ચૂકવવા પાત્ર કોઈપણ રકમ

(જેમકે ડિવિડન્ડ, વ્યાજ અથવા પાકતી મુદતની ચુકવણી અથવા વળતરની રકમ) સીધા તમારા બેન્કના ખાતામાં જમા કરવા માટે કરવામાં આવશે. તેથી એવું સૂચિત કરવામાં આવે છે કે તમે ખાતા ખોલાવવાના ફોર્મમાં તમારા સક્રિય બેન્ક ખાતાની વિગતો પૂરી પાડો. પાછળથી, તેમાં કોઈપણ ફેરફારના કિસ્સામાં કૃપા કરી તમારા ડીપીને જાણ કરવાનું યાદ રાખો.

9. ખાતા ખોલાવવાના ફોર્મમાં આપેલ ' આપોઆપ ક્રેડિટ પ્રાપ્ત કરવા માટે સ્ટેન્ડિંગ સૂચના' શું છે?

ડીમેટ ખાતામાં, ડેબિટ અથવા ક્રેડિટ ટ્રાન્ઝેક્શનની મંજૂરી ફક્ત ત્યારે જ આપવામાં આવે છે જ્યારે ધારક(કો) દ્વારા તે સંબંધિત યોગ્ય અધિકૃતિ આપવામાં આવી હોય. જે રીતે ડિલિવરી સૂચના સ્લિપ (ડીઆઈએસ) ડીમેટ ખાતામાં દરેક ડેબિટ ટ્રાન્સફર કરવા જરૂરી છે, તેમ ' રસીદ સૂચના સ્લિપ' ડીમેટ ખાતામાં દરેક ક્રેડિટ ટ્રાન્સફર કરવા જરૂરી છે. તમારા ડીપીને એકવખત સ્ટેન્ડિંગ સૂચના આપીને, તમે જયારે પણ ખાતામાં ક્રેડિટ અપેક્ષિત હોઈ ત્યારે રસીદ સૂચના આપવાનું ટાળી શકો છો.

10. શું હું બેન્ક ખાતાની જેમજ 'કોઈપણ એક જીવંત ધારક'ના આધારે જોઈન્ટ ખાતું ચલાવી શકું છું?

ના. હાલમાં લાગુ નિયમો મુજબ, ડીમેટ ખાતું બેન્ક ખાતુંની જેમ 'કોઈપણ એક જીવંત ધારક'ના આધારે ચલાવી શકાય નહીં. આથી, સંયુક્ત ડીમેટ ખાતા માટે બધી સૂચનાઓ બધા જોઈન્ટ ધારકો દ્વારા સહી કરવામાં આવેલી હોય તે જરૂરી છે.

11. શું હું મારી બધી સિક્યોરિટીઝને અન્ય ડીપી સાથેના મારા ખાતામાં ટ્રાન્સફર કરી શકું અને મારા એક ડીપી સાથેનું ખાતું બંધ કરી શકું?

હા, જો તમારે એક અથવા વિવિધ ડીપી સાથે વધુ ડીમેટ ખાતા હોઈ અને તેમની સાથે તમે ચાલુ રહેવા નથી માંગતાં, તો તમે સૂચિત ફોર્મેટમાં તમારા ડીપી(ઓ)ને ખાતા બંધ કરવાનું ફોર્મ જમા કરાવી શકો છો. ફોર્મમાં, તમારે ડીપી આઈડી, ડીપીનું નામ અને ખાતાની ક્લાયન્ટ આઈડી કે જેમાં તમારે બેલેન્સ ટ્રાન્સફર કરવા માંગતા હોવ તે જણાવવાની જરૂર રહે છે. તમારા ડીપી તમારી બધી સિક્યોરિટીઝને તમારી સૂચના મુજબ ટ્રાન્સફર કરશે અને તમારા ડીમેટ ખાતાને બંધ કરશે. તે સમજવું મહત્વપૂર્ણ છે કે ખાતામાં કોઈ બેલેન્સ હોઈ તો ડીમેટ ખાતું બંધ કરી શકાતું નથી.

12. હું મારા એનએસડીએલ ડીમેટ ખાતા સાથે શું કરી શકું?

તમારા એનએસડીએલ ડીમેટ ખાતાના સંખ્યાબંધ ઉપયોગો છે. અમુક અગત્યની વસ્તુઓ કે જે તમે તમારા એનએસડીએલ ડીમેટ ખાતા સાથે કરી શકો તે નીચે મુજબ છે -

a. તમે આઈપીઓ અને એનએફઓ માટે અરજી કરી શકો છો. અરજી ફોર્મમાં તમારા ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડીનો ઉલ્લેખ યોગ્ય રીત કરવાનું ભૂલશો નહીં. સમાન ડીમેટ ખાતાનો ઉપયોગ શેર અને અન્ય પ્રકારની સિક્યોરિટીઝ ખરીદવા અને રાખવા માટે થઈ શકે છે.

b. તમે તમારા ડીમેટ ખાતામાં બધા કોર્પોરેટ લાભ (બોનસ, રાઈટ્સ ઈસ્યુ, વગેરે) આપોઆપ મેળવી શકો છો. તમારી કંપની દ્વારા જાહેર કરાયેલ ડિવિડન્ડ, તમારા બોન્ડ રોકાણો પર વ્યાજ અથવા પાકતી ચૂકવવાપાત્ર રકમ વગેરે જેવા રોકડ લાભ તમારા ડીમેટ ખાતા સાથે જોડાયેલ બેન્ક ખાતામાં ક્રેડિટ કરવામાં

આવશે. કૃપા કરીને ખાતરી કરો કે તમારા ડીમેટ ખાતામાં યોગ્ય બેંક ખાતાની વિગતો રેકોર્ડ કરવામાં આવી છે.

c. તમે તમારા ડીમેટ ખાતાનો ઉપયોગ 'શેરો સામે લોન'ની સુવિધા મેળવવા કરી શકો છો કે જે ઘણી બેન્કો વગેરે દ્વારા તમારી નાણાંકીય જરૂરિયાતોને પહોંચી વળવા રોકાણને વેચ્યા વિના આપવામાં આવે છે.

d. તમે તમારા કાગળ સ્વરૂપમાં રાખેલ શેર, બોન્ડ, ડિબેન્ચર, સરકારી સિક્યોરિટીઝ, સોવરિન ગોલ્ડ બોન્ડ વગેરે જેવા બધા રોકાણને તમારા ડીપી દ્વારા ડીમેટમાં બદલી શકો છો.

e. તમે આ જ ડીમેટ ખાતામાં તમારા મ્યુચ્યુઅલ ફંડ રોકાણો રાખી શકો છો. ડીમેટ ખાતામાં મ્યુચ્યુઅલ ફંડ યુનિટો રાખવા તમારા માટે ઘણું બધું સરળ બનાવે છે. તમે એનએસડીએલ સીએએસ દ્વારા એક જ સ્થળે તમારા પોર્ટફોલિયોને મોનિટર કરી શકશો. જો તમે તમારી વ્યક્તિગત માહિતીમાં કોઈ ફેરફાર કરવા માંગતા હોવ, ઉદાહરણ તરીકે સરનામું અથવા બેન્કની વિગતો અથવા નોમિની વગેરે, તો તે તમને વિવિધ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ સાથે સંપર્ક કરવાની જરૂરિયાતથી પણ બચાવે છે. તમે અરજી ફોર્મમાં તમારી ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડીનો ઉલ્લેખ કરીને ડીમેટ ફોર્મમાં મ્યુચ્યુઅલ ફંડ યુનિટોનીને સબ્સ્ક્રાઈબ કરી શકો છો. તમારા ડીમેટ ખાતા મારફતે એસઆઈપી દ્વારા મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ પણ શક્ય છે. મ્યુચ્યુઅલ ફંડ યુનિટોના વળતર અથવા પુનઃખરીદી માટે તમે તમારા ડીપીને સૂચના આપી શકો છો અથવા એનએસડીએલની સ્પીડ-ઈ (SPEED-e) સુવિધાનો ઉપયોગ કરી શકો છો.

f. તમે તમારા ડીમેટ ખાતા મારફતે તમારા શેરોને કંપનીને ટેન્ડર કરીને બાયબેક ઑફરમાં ભાગ લઈ શકો છો.

g. તમે તમારા ડીમેટ ખાતામાં નિષ્ક્રિય રહેલી સિક્યોરિટીઝને ધિરાણ દ્વારા સિક્યોરિટીઝ ધિરાણ અને ઋણ યોજનામાં ભાગ લઈ શકો છો અને બજારમાંથી વળતર કમાઈ શકો છો.

મૂળભૂત સેવાઓ ડીમેટ ખાતું

1. મૂળભૂત સેવા ડીમેટ ખાતું (બીએસડીએ) શું છે?

બીએસડીએ નિયમિત ડીમેટ ખાતા જેવું જ હોય છે પરંતુ કોઈપણ વાર્ષિક ચાર્જ હોતો નથી અથવા ઘણો ઓછો હોઈ છે.

2. બીએસડીએના લાભ મેળવવા માટેની શરતો કઈ છે?

જે વ્યક્તિ નીચેની શરતો પૂરી કરે છે તે બીએસડીએના લાભો મેળવી શકો છો -

a. જે વ્યક્તિ માત્ર એક ડીમેટ ખાતું માત્ર પોતે અથવા પ્રથમ ધારક (સમગ્ર ડિપોઝિટરીઝમાં) તરીકે ધરાવે છે.
b. કોઈ બીજા ડીમેટ ખાતા(ઓ) ધરાવતા વ્યક્તિ બીજા અથવા ત્રીજા હોઈ શકે છે.
c. ડીમેટ ખાતામાં રાખવામાં આવેલ સિક્યોરિટીઝનું મૂલ્ય કોઈપણ સમયે ₹2,00,000થી વધવું ન જોઈએ.
d. બીએસડીએલ મેળવવા માટે મોબાઈલ નંબર પૂરો પાડવાની અને એસએમએસ સુવિધાનો વિકલ્પ પસંદ કરવાની જરૂરિયાત છે.

3. બીએસડીએ માટે વાર્ષિક જાળવણી ચાર્જીસ (એએમસી) શું છે?

બીએસડીએ માટે વાર્ષિક જાળવણી ચાર્જીસ, એસઈબીઆઈ દ્વારા નક્કી કરવામાં આવેલ નીચે મુજબ છે:

a. જો રાખવામાં આવેલ મૂલ્ય ` 50,000 સુધીનું હોઈ તો કોઇ એએમસી નથી.

b. જો રાખવામાં આવેલ મૂલ્ય ` 50,000 કરતાં વધુ પરંતુ ₹ 2,00,000 કરતાં ઓછું હોઈ તો એએમસી ₹ 100 પ્રતિવર્ષ ચાર્જ થવાથી વધતું નથી.

c. ₹ 2,00,000થી વધુ મૂલ્ય ધરાવવા માટે, ડીપી એએમસી નિયમિત દરો મુજબ ચાર્જ કરી શકે છે.

આ હેતુ માટે હોલ્ડિંગનું મૂલ્ય ડીપી દ્વારા દૈનિક બંધ ભાવ અથવા સિક્યોરિટીઝ / મ્યુચ્યુઅલ ફંડ યુનિટો માટેના એનએવી પર આધારિત છે. જો બીએસડીએમાં રાખવામાં આવેલ મૂલ્ય કોઈપણ દિવસે ` 2,00,000 કરતાં વધે, તો ડીપી તે દિવસથી નિયમિત ખાતા (બિન-બીએસડીએ)માં લાગુ પડતા ચાર્જ વસૂલ કરી શકે છે.

સિક્યોરિટીઝનું ડિમટીરિયલાઈઝેશન

1. ડિમટીરિયલાઈઝેશન શું છે?

ડિમટીરિયલાઈઝેશન એવી પ્રક્રિયા છે જેના દ્વારા સિક્યોરિટીઝના ભૌતિક સર્ટિફિકેટને ડીપી સાથેના રોકાણકારના ડીમેટ ખાતામાં ક્રેડિટ દ્વારા ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં સિક્યોરિટીઝમાં ફેરવે છે. ડિમટીરિયલાઈઝેશન હોલ્ડિંગના સ્વરૂપમાં ફેરફાર છે, તે માલિકીપણાના બદલાવમાં પરિણમતું નથી.

2. હું મારી સિક્યોરિટીઝને ડિમટીરિયલાઈઝ કઈ રીતે કરી શકું છે?

પ્રમાણપત્રો ડિમટીરિયલાઈઝ કરવા માટે, તમારે ડીમેટ ખાતું ખોલાવવાની જરૂર છે. એકવાર ડીમેટ ખાતું ખોલાઈ જાય પછી, તમારે નિર્ધારિત સ્વરૂપમાં 'ડિમટીરિયલાઈઝેશન વિનંતી ફોર્મ' ભરી અને તેને સિક્યોરિટી સર્ટિફિકેટ સાથે તમારા ડીપીને જમા કરાવવાનું રહેશે. તમારું ડીપી ડીમેટ વિનંતીને આગળ પ્રક્રિયા માટે તેની સંબંધિત ઈશ્યુ કંપની, રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટને મોકલાવશે, જેના પરિણામે સંબંધિત રોકાણકારના ડીમેટ ખાતામાં ઈલેક્ટ્રોનિક સિક્યોરિટીઝનું ધિરાણ થાય છે. ડિમટીરિયલાઈઝેશનની પ્રક્રિયા આકૃતિ નંબર 4માં દર્શાવવામાં આવી છે.

ડિમટિરયાલાયઝેશન પ્રક્રિયા



આકૃતિ 4

3. શું હું કોઇપણ શેર સર્ટિફિકેટને ડિમટીરિયલાઈઝ કરી શકું?

ના, બધા શેર સર્ટિફિકેટને ડિમટીરિયલાઈઝ કરી શકાય નહીં. ડિમટીરિયલાઈઝેશન માટે નીચેની શરતો પૂરી થવી જોઇએ –

a. તમે માત્ર તે જ શેર પ્રમાણપત્રોનું ડિમટીરિયલાઈઝ કરી શકો છો જે તમારા નામથી પહેલાથી જ કંપનીના રેકોર્ડ્સ/ તેના આરટીએમાં નોંધાયેલ હોઈ છે.
b. ઈશ્યૂ કરનાર કંપની એનએસડીએલમાં જોડાયેલ હોવી જોઈએ અને તે શેર માટે આઈએસઆઈએન મેળવેલ હોવું જોઈએ.
c. શેર કોઈપણ પૂર્વાધિકાર અથવા ચાર્જ અથવા એકીકરણથી મુક્ત હોવા જોઈએ.

મોટા ભાગની યાદીકૃત અને સક્રિય કંપનીઓ એનએસડીએલમાં જોડાયેલ છે અને તેમના શેર અને અન્ય પ્રકારની સિક્યોરિટીઝ ડીમેટ માટે ઉપલબ્ધ છે. ઘણી અન્ય કંપનીઓ એનએસડીએલમાં જોડાવાની પ્રક્રિયામાં છે. તમે તમારા દ્વારા ધરાવવામાં આવતાં શેર ડીમેટમાં ઉપલબ્ધ છે કે નહીં તે તમે https://nsdl.co.in/master_search.php પર જાણી શકો છો.

4. ડીપીમાં ડિમટીરિયલાઈઝેશન માટે મારા પ્રમાણપત્રો જમા કરાવતાં પહેલા મારે કઈ સાવચેતીઓ રાખવી જોઈએ?

તમારે નીચેની કાળજી રાખવી જોઈએ -

a. ચકાસો કે તમે સિક્યોરિટીઝના રજીસ્ટ્રર્ડ માલિક છો.

b. સિક્યોરિટીઝની માલિકીની પેટર્ન જેમાંથી તમે ડીમેટ વિનંતી શરૂ કરવા માંગો છો તે ડીમેટ ખાતામાં હોઈ તેવી જ હોઈ છે.

(જો પેટર્ન અલગ હોઈ તો પ્રશ્ન 13 માટેના જવાબનો સંદર્ભ લો).

c. ચકાસો કે જે સિક્યોરિટીઝ તમે ડિમટીરિયલાઈઝ કરવા માંગો છો તે ખરેખર એનએસડીએલમાં ડીમેટ માટે ઉપલબ્ધ છે.

d. ચકાસો કે તમે જે કંપનીના શેર ધરાવો છો તેના માટે આરટીએએ સેવાઓ બંધ કરી નથી. આને તમે https://nsdl.co.in/list-comp.php પર શોધી શકો છો.

e. ઉપરના પગલાં પછી, તમે શેર પ્રમાણપત્રોને 'ડિમટીરિયલાઈઝેશન માટે સમર્પિત' શબ્દો સાથે ચિહ્નિત કરી શકો છો જેને તમે ડિમટીરિયલાઈઝ કરવા માંગો છો. આ હેતુ માટે તમારી ડીપી તમને રબર સ્ટેમ્પ પ્રદાન કરશે.

ખાતરી કર્યા પછી કે પ્રમાણપત્રો ઉપર યોગ્ય રૂપે ચિહ્નિત કરવામાં આવ્યા છે, તમે વધુ પ્રોસેસિંગ માટે શેર પ્રમાણપત્રો સાથે-સાથે તમારા ડીઆરએફ ડીપીને જમાકરી શકો છો.

5. ડિમટીરિયલાઈઝેશન પ્રક્રિયામાં કેટલો સમય લાગી શકે છે?

એસઈબીઆઈની માર્ગદર્શિકા અનુસાર, ડીપીને 7 દિવસની અંદર ડીમેટ વિનંતીની પ્રક્રિયા કરવાની જરૂર છે. વધુમાં, ઈશ્યુ કરનાર કંપની/ તેના આરટીએ તેમના દ્વારા

મેળવવામાં આવેલ ડીમેટ વિનંતી પર પ્રક્રિયા કરવા 15 દિવસ[2] સુધીનો સમય લઈ શકે છે. ડીપી પાસેથી ઈશ્યુ કરનાર કંપની / આરટીએના દસ્તાવેજોના ટ્રાન્સમિશન માટે જરૂરી સમયને ધ્યાનમાં રાખીને ડિમટીરિયલાઈઝેશન સામાન્ય રીતે લગભગ 30 દિવસ લેશે.

6. શું હું વ્યક્તિગત રીતે માલિકીની સિક્યોરિટીઝ અને મારી પત્ની સાથે સંયુક્ત રીતે માલિકીની સિક્યોરિટીઝને ડિમટીરિયલાઈઝ કરવા એક જ ખાતું ખોલાવી શકું?

ના. ડીમેટ ખાતું જેમ સિક્યોરિટીઝ ભૌતિક સ્વરૂપમાં હોય તે જ માલિકીનાની પેટર્નમાં ખોલવું જોઈએ. ઉદાહરણ તરીકે, જો એક શેર પ્રમાણપત્ર તમારા નામે અને અન્ય પ્રમાણપત્રમાં તમારુ નામ તમારી પત્ની સાથે હોય તો, તમારે બે ડીમેટ ખાતાઓ ખોલવાની જરૂર છે (તમારા નામે એક અને બીજું તમારા અને તમારી પત્નીના સંયુક્ત નામોમાં).

7. મારે એવી સિક્યોરિટીઝ ડિમટીરિયલાઈઝ કરવાની જરૂર છે જેને વેચવાનો મારો ઈરાદો નથી?

ડિપોઝિટરી કાયદો, 1996 રોકાણકારોને ભૌતિક સ્વરૂપ અથવા ડીમેટ સ્વરૂપમાં સિક્યોરિટીઝ ધરાવવાનો વિકલ્પ આપે છે. આથી, જો તમે સિક્યોરિટીઝ વેચવા ન માંગતાં હોવ, તમે તેને ડિમટીરિયલાઈઝ ન પણ કરી શકો. આમછતાં, સિક્યોરિટીઝને ડીમેટ સ્વરૂપમાં રાખવાથી ઘણાં લાભો થઈ શકે છે અને આથી તેને સૌથી વધુ ભલામણ કરવામાં આવે છે. વધુમાં, સૂચિબદ્ધ કંપનીઓ અને અસૂચિબદ્ધ જાહેર મર્યાદિત કંપનીઓની સિક્યોરિટીઝના સ્થાનાંતરણ પર, જો ભૌતિક સ્વરૂપમાં હોઈ તો પ્રતિબંધો પહેલેથી છે/ સૂચિત છે. તેથી તે સિક્યોરિટીઝને ડિમટીરિયલાઈઝ કરવા માટે વધુ સારી હોય શકે.

---

[2] સેબી એ 30 જૂન, 2019 સુધી ડીમેટ વિનંતી પર પ્રક્રિયા કરવા આરટીએ ને 30 દિવસ સુધી મંજૂરી આપી છે

8. શું હું મારા રોકાણ કે જે લૉક-ઈન હેઠળ છે તેને કરમુક્ત બોન્ડ્સમાં ડિમટીરિયલાઈઝ કરી શકું?

હા, તમે તમારા લૉક-ઈન હેઠળના કરમુક્ત બોન્ડ્સને પણ ડિમટીરિયલાઈઝ કરી શકો છો. ડીમેટની પ્રક્રિયા શેરના ડીમેટને લાગુ પડે તેવી જ છે. તમારે બોન્ડ પ્રમાણપત્રો સાથે તમારા ડીપીમાં યોગ્ય રૂપે ભરેલ અને સહી કરેલ ડીઆરએફ સબમિટ કરવાના રહેશે. ડીપી સંબંધિત ઈશ્યુઅર/તેના આરટીએને વિનંતી મોકલાવશે અને પુષ્ટિ મળવા પર, તમારા ડીમેટ ખાતામાં ક્રેડિટ મેળવવામાં આવશે.

9. શું હું સીધા જ ડીમેટ સ્વરૂપમાં સરકારી સિક્યોરિટીઝ ખરીદી શકું છું?

હા. હવે સરકારી સિક્યોરિટીઝનું બજાર જેમ કે બોન્ડ્સ અને ટ્રેઝરી બિલ્સ (ટી-બિલ્સ) છૂટક રોકાણકારો માટે સરળતાથી સુલભ છે. હકીકતમાં, આરબીઆઈ રિટેલ રોકાણકારો માટે નવા ઈશ્યુનો ભાગ અનામત રાખે છે. તમે નવી સિક્યોરિટીઝની હરાજીમાં ભાગ લઈને અથવા ગૌણ માર્કેટમાં અગાઉથી જારી કરાયેલ સિક્યોરિટીઝની ખરીદી કરી જી-સેકમાં રોકાણ કરી શકો છો. બંને માટે, તમારે કોઈપણ અધિકૃત બેંક અથવા પ્રાથમિક વેપારી અથવા સ્ટોક બ્રોકરનો સંપર્ક, તમારા ડીમેટ ખાતાની વિગતો જણાવી કરવાની જરૂર છે (ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડી).

10. હું કેવી રીતે ડિમેટ સ્વરૂપમાં સોવરિન ગોલ્ડ બોન્ડ્સ (એસજીબી)ને સબ્સ્ક્રાઈબ કરી શકું?

એસજીબી ભૌતિક સ્વરૂપે સોનું ધરાવવાનો શ્રેષ્ઠ વિકલ્પ આપે છે. ડીમેટ સ્વરૂપમાં એસજીબી ધરાવવાનો વિકલ્પ તેને વધુ સારો અને અનુકૂળ બનાવે છે. ડીમેટ સ્વરૂપમાં સાર્વભૌમ સોનાના બોન્ડ્સ ખરીદવા અથવા સબ્સ્ક્રાઈબ કરવાની પ્રક્રિયા ખૂબ સરળ છે. તમારે માત્ર તમારા સબ્સ્ક્રિપ્શન ફોર્મમાં તમારુ ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડી જણાવવાની જરૂર છે. કેટલીક બેંકો ઑનલાઈન એપ્લિકેશન સુવિધા પણ ઑફર કરે છે (જો રોકાણકાર ઑનલાઈન અરજી કરે છે અને ઈલેક્ટ્રોનિક ચુકવણી કરે છે, તો પછી કેટલીક કિંમતના ડિસ્કાઉન્ટ પણ હાલમાં ઉપલબ્ધ છે). આરબીઆઈ દ્વારા ફાળવણી પર, તમારા ડીમેટ ખાતામાં આવશ્યક સંખ્યાબંધ બોન્ડ્સ આપવામાં આવશે.

11. શું હું પેપર સ્વરૂપમાં રહેલ (હોલ્ડિંગ ફોર્મમાં પ્રમાણપત્ર) સોવરિન ગોલ્ડ બોન્ડ્સ (એસજીબી)ના મારા રોકાણને ડીમેટ સ્વરૂપમાં ફેરવી શકું છું?

હા, તમે આમ કરી શકો છો. આ હેતુ માટે, તમે જેની પાસેથી એસજીબી ની ખરીદી કરી હતી તે બેન્ક/એજન્ટનો સંપર્ક કરવાની જરૂરિયાત રહેશે. તેઓ તમને હોલ્ડિંગ પ્રમાણપત્રના સ્વરૂપમાં રાખેલ એસજીબીને ડીમેટ સ્વરૂપમાં બદલવામાં મદદ કરશે.

12. શું હું એસજીએલ સ્વરૂપમાં રાખવામાં આવેલ સરકારી સિક્યુરીટીઝને એનએસડીએલ ડીપી સાથેના ડીમેટ ખાતામાં રૂપાંતરિત કરી શકું?

હા. તમારે નિર્ધારિત ફોર્મેટમાં(ડિમટીરિયલાઈઝેશન વિનંતી ફોર્મ – સરકારી સિક્યોરિટીઝ તરીકે ઓળખાય છે) યોગ્ય રૂપે ભરેલ અને સહી કરેલી વિનંતી તમારા ડીપીમાં 'ટ્રાન્સફર ફોર્મ' સાથે પ્રદાન કરવાની જરૂર છે. તમારી ડીપી એનએસડીએલમાં વિનંતિ મોકલાવશે. એનએસડીએલ તમારા ડીમેટ ખાતામાં જરૂરી ક્રેડિટની વ્યવસ્થા કરશે

13. મારી પાસે સમાન નામોના સંયોજન સાથેના ભૌતિક પ્રમાણપત્રો છે, પરંતુ નામનો ક્રમ અલગ છે. અમુક પ્રમાણપત્રોમાં, હું પ્રથમ ધારક અને મારી પત્ની બીજી ધારક છે, જયારે અમુક પ્રમાણપત્રોમાં, મારી પત્ની પ્રથમ ધારક અને હું બીજો ધારક છું. શું મારે આ પ્રમાણપત્રોના ડિમટીરયલાઈઝેશન માટે બે અલગ અલગ ખાતા ખોલાવવાની જરૂર છે?

સંયુક્ત ધારકો કંપનીને લિખિત વિનંતી કરીને નામોના ક્રમને બદલવાનો હક્ક ધરાવે છે. આ એક સ્થાનાંતરણ રચના કરતું નથી. સંયુક્ત ધારકોના ક્રમને બદલવાને 'ટ્રાન્સપોઝિશન' કહેવામાં આવે છે. આમછતાં, ટ્રાન્સપોઝિશનની સુવિધાનો ફોલિયોમાં સંપૂર્ણ હોલ્ડિંગ્સ માટે લાભ મેળવી શકાય છે અને હોલ્ડિંગ્સના એક ભાગ માટે તેની પરવાનગી નથી.

જો સંયુક્ત ધારકોનો સમાન સમૂહ નામોના વિવિધ અનુક્રમમાં સિક્યોરિટીઝ ધરાવે, તો આવી સિક્યોરિટીઝના ડિમટીરિયલાઈઝેશન માટે બહુવિધ ડીમેટ ખાતા ખોલવાની જરૂર નથી. 'ટ્રાન્સપોઝિશન કમ ડીમેટ સુવિધા'નો ઉપયોગ કરી આવી સિક્યોરિટીઝ વિવિધ સંયોજનોમાં પ્રમાણપત્રો ધરાવે છે, જેને એક ડીમેટ ખાતામાં ડિમટીરયલાઈઝ કરી શકાય

છે. આ હેતુ માટે, ડિમટીરિયલાઈઝેશન વિનંતી ફોર્મ (ડીઆરએફ) અને 'ટ્રાન્સપોઝિશન કમ ડીમેટ સુવિધા' કહેવાતું વધારાનું ફોર્મ ડીપીમાં જમા કરાવવાનું રહેશે. આ આકૃતિ નંબર 5માં સમજાવવામાં આવ્યું છે –

ટ્રાન્સપોઝિશન કમ ડીમેટ સુવિધા

માં નામ →	શેર પ્રમાણપત્ર	ડીમેટ ખાતું
બે ધારકો	A અને B અથવા B અને A	A અને B
ત્રણ ધારકો	A, B, C અથવા A, C, B અથવા B, A, C અથવા B, C, A અથવા C, A, B અથવા C, B, A	A, B અને C

તમારા ડીપીને ટ્રાન્સપોઝિશન ફોર્મ સાથે ડીમેટ વિનંતી ફોર્મ (ડીઆરએફ) સબમિટ કરો

આકૃતિ 5

સિક્યોરિટીઝનું રિમટીરિયલાઈઝેશન

1. શું મારા ઈલેક્ટ્રોનિક હોલ્ડિંગ્સને ફરીથી કાગળના પ્રમાણપત્રોમાં રૂપાંતરિત કરી શકાય?

હા. જો તમે તમારી સિક્યોરિટીઝને ભૌતિક સ્વરૂપમાં પાછા મેળવવા માંગો છો, તો તમારે તમારા ડીપીમાં નિર્ધારિત સ્વરૂપમાં 'રિમટીરિયલાઈઝેશન વિનંતી ફોર્મ' જમા કરાવવાનું રહેશે. આવશ્યક તપાસો પછી, તમારા ડીપી દ્વારા એનએસડીએલની ડિપોઝિટરી સિસ્ટમ દ્વારા તમારી વિનંતી સંબંધિત ઈશ્યુર કંપની / આરટીએને આગળ મોકલવામાં આવશે. કંપની/આરટીએ પ્રમાણપત્ર છાપી અને સીધા જ તમને મોકલશે. વિનંતી કરતાં પહેલાં તમારે તમારા ડીપી પાસેથી રીમટીરિયલાઈઝેશન ચાર્જ જાણી લેવો જોઈએ.

માર્કેટ ટ્રેડ્સ માટે સમાધાન અને સિક્યોરિટીઝ ટ્રાન્સફર

1. ડિમટીરિયલાઈઝ્ડ સિક્યોરિટીઝ વેચવાની પ્રક્રિયા શું છે?

ડિમટીરિયલાઈઝ્ડ સિક્યોરિટીઝ વેચવાની પ્રક્રિયા ખૂબ સરળ છે- જે નીચે આપવામાં આવેલ છે -

a. તમારે તમારા સ્ટોકબ્રોકરને વેચવાની સૂચના આપવાની રહેશે.
b. એક વખત તમે વેચાણની સૂચના આપો અને તમને તમારા ઓર્ડરના અમલીકરણની પુષ્ટિ મળે, તમારે તમારા પે-ઈન જવાબદારીને પહોંચી વળવા માટે તમારા સ્ટોકબ્રોકરને વેચેલી સિક્યોરિટીઝ આપવાની જરૂર રહેશે. આ હેતુ માટે, તમારા ડીપી દ્વારા સૂચિત કરવામાં આવેલ સમય મર્યાદાની અંદર તમારે સંપૂર્ણરીતે ભરેલ ' ડિલિવરી સૂચના સ્લિપ' તમારા ડીપીમાં જમા કરાવવાની રહેશે.
c. આ ડીઆઈએસમાં તમારા ડીપી માટે તમારા દ્વારા વેચવામાં આવેલી સિક્યોરિટીઝની સંખ્યા સાથે તમારા ખાતાને ડેબિટ કરવા અને તમારા બ્રોકરના ક્લીયરિંગ ખાતામાં ક્રેડિટ કરવાની સૂચના હોવી જોઈએ. વૈકલ્પિક રીતે, એનએસડીએલ સ્પીડ-ઈ સેવાનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક ઓનલાઈન સૂચના આપવા કરી શકાય છે.

d. એકવાર સૂચના તમારા ડીપી દ્વારા સફળતાપૂર્વક પ્રક્રિયા થઈ જાય, તમારા બ્રોકરને શેર મળશે અને ક્લિયરિંગ કોર્પોરેશન માટે સિક્યોરિટીઝ પે-ઈનની વ્યવસ્થા કરવામાં આવશે.

e. ક્લિયરિંગ કોર્પોરેશન પાસેથી (ભંડોળ) ચુકવણી મળ્યા પછી, તમારા બ્રોકર તમારા લિંક કરેલ બેંક ખાતામાં થનાર આવકનું ક્રેડિટ ગોઠવશે.

2. હું ડીમેટ સ્વરૂપમાં સિક્યોરિટીઝ કેવી રીતે ખરીદી શકું?

ડીમેટ સ્વરૂપમાં સિક્યોરીટીઝ ખરીદવી ખૂબ જ સરળ છે, જે નીચે આપેલ છે -

a. તમારે તમારા સ્ટોકબ્રોકરને ખરીદી સૂચના આપવાની જરૂર છે.

b. એકવાર તમારો ખરીદી ઓર્ડર અમલમાં મુકાયો અને તમને તમારા ઓર્ડરની અમલીકરણની પુષ્ટિ મળે, પછી તમારે તમારા (ભંડોળ) પે-ઈન જવાબદારીને પહોંચી વળવા માટે તમારા સ્ટોકબ્રોકરને યોગ્ય રકમ આપવાની રહેશે.

c. તમારા બ્રોકરને તેના ક્લીયરિંગ ખાતામાં (સિક્યોરિટીઝ) પે-આઉટ દિવસે સિક્યોરિટીઝની ક્રેડિટ મેળવે છે.

d. તમારા બ્રોકર તેના ડીપીને તેના ક્લીયરિંગ ખાતાને ડેબિટ કરવા માટે સૂચના આપે છે અને તમારા દ્વારા ખરીદવામાં આવેલ સિક્યોરિટીઝ માટે તમારા ડીમેટ ખાતાને ક્રેડિટ કરે છે.

e. જો તમે તમારા ડીમેટ ખાતા માટે સ્થાયી સૂચના ન આપેલ હોઈ, તો તમારે તમારા ડીપીને ક્રેડિટ મેળવવા માટે 'રસીદ સૂચના' આપવાની રહેશે.

f. તમારે ખાતરી કરવી જોઈએ કે તમારા બ્રોકર બુક ક્લોઝર પહેલાં, તમારા ખાતામાં સિક્યોરિટીઝ ટ્રાન્સફર કરે છે. જો તમારી સિક્યોરિટીઝ બ્રોકરના ખાતામાં રહે છે, તો કંપની બ્રોકરને કોર્પોરેટ લાભો (ડિવિડન્ડ, બોનસ વગેરે) આપશે. તે કિસ્સામાં, તમારે તમારા બ્રોકર પાસેથી લાભો મેળવવા પડશે.

NSDL
Technology, Trust & Reach

3. 'માર્કેટ ટ્રેડ' અને 'ઓફ માર્કેટ ટ્રેડ્સ' શું છે?

ક્લિયરિંગ કોર્પોરેશન દ્વારા નિર્ધારિત થયેલા કોઈપણ વેપારને 'માર્કેટ ટ્રેડ' તરીકે ઓળખવામાં આવે છે. આ સોદા સ્ટોકબ્રોકર્સ દ્વારા માન્ય સ્ટોક એક્સચેન્જના પ્લેટફોર્મ પર કરવામાં આવે છે. 'ઓફ માર્કેટ ટ્રેડ્સ' એ હોઈ છે જે સીધેસીધા બે પક્ષોની વચ્ચે નિર્ધારિત થાઇ છે, કોઈપણ ક્લિયરિંગ કોર્પોરેશનની સંડોવણી વગર.

4. 'ઇન્ટર ડિપોઝિટરી ટ્રાન્સફર' શું છે? કોઈપણ આઈએસઆઈએનને અન્ય ડિપોઝિટરીમાં ટ્રાન્સફર કરવું શક્ય છે?

એક ડિપોઝિટરીમાંના ડીમેટ ખાતામાંથી સિક્યોરિટીઝનું ટ્રાન્સફર અલગ ડિપોઝિટરીમાંના અન્ય ડીમેટ ખાતામાં કરવાને 'ઇન્ટર ડિપોઝિટરી ટ્રાન્સફર'(આઈડીટી) કહેવામાં આવે છે. આઈડીટી એવા આઈએસઆઈએન માટે શક્ય છે જયાં બંને ડિપોઝિટરી સક્રિય હોઈ.

5. આંશિક ખાતા ટ્રાન્સફર શું છે?

જો તમે સૂચનાના પતાવટ સમયે ડિમેટ ખાતામાં ઉપલબ્ધ જથ્થા કરતાં વધારે જથ્થો માટે પે-ઇન સૂચના આપો છો, તો તમારા ડીમેટ ખાતાને ઉપલબ્ધ બેલેન્સની મર્યાદા સુધી ડેબિટ કરવામાં આવે છે. ઓફ માર્કેટ ટ્રાન્સફરના કિસ્સામાં, જો પર્યાપ્ત બેલેન્સ ઉપલબ્ધ ન હોઈ તો સંપૂર્ણ સૂચના નિષ્ફળ જાય છે, એનો અર્થ છે કે તે ડેબિટ થતું નથી.

6. માર્કેટ પ્રકાર અને પતાવટ નંબરનો અર્થ શું છે?

દરેક સ્ટોક એક્ષ્ચેન્જ પર, વિવિધ ટ્રાન્ઝેક્શન વિવિધ ટ્રેડ વિન્ડોઝ હેઠળ થાય છે. આ વિંડોઝ બજાર પ્રકાર અને પતાવટ નંબરના વિશિષ્ટ સંયોજન દ્વારા ઓળખાય છે.એ અગત્યનું છે કે તમે સાચા બજાર પ્રકાર અને પતાવટ નંબરનો ઉલ્લેખ (ડિપોઝિટરી

સિસ્ટમમાં પતાવટ વિગતો હોવાનું કહેવાય છે) ડિલિવરી સૂચના સ્લિપમાં કરો જેથી તમારી પે-ઈન જવાબદારીની પતાવટ યોગ્ય રીતે થઈ જાય. આ વિગતો બ્રોકર દ્વારા આપવામાં આવેલી કોન્ટ્રેક્ટ નોટમાં મળી શકે છે.

7. T+2 રોલિંગ પતાવટ સાયકલ શું છે?

T+2 રોલિંગ પતાવટ સિસ્ટમ હેઠળ, દિવસ 1 (T) ના રોજ શેરબજારના પ્લેટફોર્મ પર ટ્રેડ્સ (ખરીદી અને વેચાણ)ની પતાવટ બે દિવસ પછી સંબંધિત ક્લિયરિંગ કોર્પોરેશન દ્વારા થાય છે, એટલે કે દિવસ 3 (T+2) પર. ઉદાહરણ તરીકે, સોમવારે હાથ ધરવામાં આવેલા સોદા બુધવારે સ્થાયી થશે (બધા દિવસો કામના દિવસો ધારીને). એજરીતે, મંગળવારે હાથ ધરવામાં આવેલા તમામ સોદા ગુરુવારે સ્થાયી થાય છે, આમ આગળ. આ પ્રકારની પતાવટ સિસ્ટમને T+2 રોલિંગ પતાવટ કહેવામાં આવે છે.

ક્લિયરિંગ કોર્પોરેશનો પે-ઈન અને સિક્યોરિટીઝની ચુકવણી માટે તેમજ પ્રત્યેક પતાવટ માટે ભંડોળ માટે સમયરેખા સૂચિત કરે છે. સ્ટોકબ્રોકર્સને તેનું પાલન કરવું આવશ્યક છે. તેમને આ કરવા સક્ષમ બનાવવા, ડીપી બદલામાં વેપારી સોદા કરવા ગ્રાહકો માટે સિક્યોરિટીઝ પે-ઈન માટે સમયરેખા નક્કી કરે છે (ભંડોળની પતાવટ બેંકો દ્વારા થાય છે અને તેથી તે ડિપોઝિટરી સિસ્ટમથી બહાર હોઈ છે)

8. T+2 રોલિંગ પતાવટ સાયકલના કિસ્સામાં, જો હું મારા શેર મારા બ્રોકર/ અધિકૃત વ્યક્તિ દ્વારા સોમવારે વેચું, મારે મારા ડીપીને ડિલેવરી સૂચના ક્યારે આપવાની રહેશે?

ટ્રેડ સોમવારે થયો છે, તો બુધવારે સિક્યોરિટીઝનું પે-ઈન થશે, જેનો અર્થ છે કે એટલે કે તમારા બ્રોકરને બુધવારે ક્લિયરિંગ કોર્પોરેશનના નિયત સમય પહેલાં સિક્યોરિટીઝ મેળવવી આવશ્યક છે. તમારા ડીપીને તમે આપેલ ડિલિવરી સૂચના સ્લિપ પર પ્રક્રિયા કરવા માટે થોડો સમય લાગે છે, તે પે-ઈન સંબંધિત સૂચનાઓ સબમિટ કરવા માટે અમુક

સમયમર્યાદા નિર્ધારિત કરશે (સામાન્ય રીતે પે-ઈન દિવસના આગલા દિવસે). તમારે ખાતરી કરવાની રહેશે કે આપની ડિલિવરી સૂચના સ્લિપ તમારા ડીપીને આપેલા સમય અને દિવસ પહેલા સારી રીતે પહોંચે છે. એકવાર તમે તમારા બ્રોકર પાસેથી તમારા વેચાણ ઓર્ડરની પુષ્ટિ કરો તે પછી તરત જ તમારા ડીપીને તમારી ડિલિવરી સૂચના સ્લિપને સબમિટ કરવાનું વધુ સારું હોઈ શકે છે.

9. હું પે-ઈન માટે સૂચના સ્લિપ્સ સબમિટ કરવા માટે સમય મર્યાદા વિશે કેવી રીતે જાણી શકું?

તમારી ડીપી ડિલિવરી સૂચના સ્લિપ સબમિટ કરવા માટે સમય મર્યાદા સૂચિત કરશે અને તમને એ વિશે જણાવશે. આ સામાન્ય રીતે ડીપી દ્વારા આપવામાં આવેલી ડીઆઈએસ પુસ્તિકા પર તમારી માહિતી માટે છાપવામાં આવે છે

10. હું જ્યારે શેર ખરીદું છું, મારે ક્યારે મારા બ્રોકર પાસેથી સિક્યોરિટીઝ મેળવવી જોઈએ?

બ્રોકરએ ક્લીયરિંગ મેમ્બર ખાતામાં સિક્યોરિટીઝ પ્રાપ્ત થયા પછી તેણે એક કામકાજી દિવસમાં સિક્યોરિટીઝ તમને ટ્રાન્સફર કરવી જોઈએ, જો તમે બ્રોકરને યોગ્ય ચુકવણી કરી હોઈ.

11. ડીપી દ્વારા 'ક્લાયન્ટના જોખમ' પર સૂચના સ્લિપ સ્વીકૃતિનો અર્થ શું છે અને તેનુ મહત્વ શું છે?

દરેક ડીપી ડિલિવરી સૂચના સ્લિપ સબમિટ કરવા માટે કેટલીક સમય મર્યાદા સૂચવે છે. જો એવું થાય કે, તમારી સૂચના સ્લિપ તમારા ડીપી પર આવી સમય મર્યાદા પછી પહોંચે, તમારું ડીપી ડિપોઝિટરી સિસ્ટમમાં તેના અમલ માટે મર્યાદિત જવાબદારી સાથે સ્વીકારી શકે છે. આવા કિસ્સામાં, ડીપી સૂચના સ્લિપને (ગ્રાહકની કોપી તેમજ તેમની ઓફિસ કોપીને) સ્ટેમ્પ કે જે જણાવે છે કે ' વિલંબથી પ્રાપ્ત, શ્રેષ્ઠ પ્રયાસોને આધીન' અથવા 'ક્લાયન્ટના જોખમે વિલંબથી પ્રાપ્ત' સાથે ચિન્હિત કરે છે. જો અમુક

કારણોસર, ડીપી ડિપોઝિટરી સિસ્ટમમાં વિલંબથી પ્રાપ્ત સૂચનાને સફળતાપૂર્વક ચલાવવામાં અસમર્થ હોઈ, અને તેના પરિણામે કલાયન્ટ તેની પે-ઈન જવાબદારીને પહોંચી વળવામાં નિષ્ફળ થાય, તો તે નાણાંકીય ગેરફાયદા તરફ (હરાજી ખર્ચ વગેરે) દોરી જાય છે, આવા નુકસાન માટે ડીપીને જવાબદાર ઠેરવી શકાય નહીં.

12. ડિલેવરી સૂચના સ્લિપના સંદર્ભમાં મારે કઈ સાવચેતીઓનું ધ્યાન રાખવું જોઈએ?

ડિલેવરી સૂચના સ્લિપ તમારા બેંકના ખાતાની ચેક બુક જેવી જ હોઈ છે. તમારે ડીઆઈએસના સંદર્ભમાં નીચેના મૂદ્દાઓની કાળજી લેવી જોઈએ -

a. ખાતરી કરો કે તમને તમારા ડીપી પાસેથી ડીઆઈએસ બુક મળી છે. છૂટક સ્લિપ સ્વીકારશો નહીં(તાકીદની પરિસ્થિતિઓમાં આવશ્યક ન હોઈ ત્યાં સુધી).
b. ખાતરી કરો કે દરેક ડીઆઈએસ પહેલેથી પ્રિન્ટ કરેલ છે અને ક્રમશઃ ક્રમાંકિત છે.
c. ખાતરી કરો કે તમારું કલાયન્ટ આઈડી દરેક ડીઆઈએસ પર પહેલેથી સ્ટેમ્પ કરેલ અથવા પહેલેથી પ્રિન્ટ કરેલ છે.
d. તમારી ડીઆઈએસ અન્ય કોઈને આપશો નહીં. જયારે જરૂર હોઈ ત્યારે તેને ભરીને તમારા ડીપીમાં સોંપો.
e. તમારી ડીઆઈએસ બુક સલામત રાખો. જો તમારી કોઇ સ્લિપ અથવા બુકલેટ ખોવાઈ જાય અથવા ક્યાંક મૂકાય જાય, કૃપા કરી તરત જ તમારા ડીપીને લેખિતમાં જાણ કરો.
f. જો તમારા ડીઆઈએસમાં જગ્યા (લાઈન) એક કરતાં વધુ સૂચના લખવા હોઈ અને જો તમે તે બધાનો ઉપયોગ નથી કરતાં, તો કોઈના પણ દ્વારા ગેરઉપયોગને અટકાવવા તેને તમારા ડીપીમાં આપતા પહેલાં કૃપા કરી બિનઉપયોગી લાઈન/જગ્યાને છેકવાનું યાદ રાખો.

g. કૃપા કરીને ખાતરી કરો કે તમારા ડીપીમાં આપતા પહેલાં સૂચના સ્લિપ બધી આવશ્યક વિગતો સાથે યોગ્ય રીતે ભરેલી અને બધા જોઈન્ટ ધારકો દ્વારા સહી કરાયેલ છે.

13. ડિલિવરી સૂચના સ્લિપમાં 'એક્ઝેક્યુશન તારીખ' શું છે?

એક્ઝેક્યુશન તારીખ એ તારીખ છે કે જેના પર તમારા ખાતામાંથી ખરેખર સિક્યોરિટીઝ ડેબિટ કરવામાં આવશે. સુનિશ્ચિત કરવા કે ડિલિવરી સૂચના સ્લિપ પર લખેલ અમલીકરણ તારીખે સૂચના અમલમાં મુકાય, તે ડિપોઝિટરી સિસ્ટમમાં ડીપી દ્વારા દાખલ કરવું આવશ્યક છે. તમે તમારા ખાતામાંથી સિક્યોરિટીઝને ડેબિટ કરવા માંગતા હો તે તારીખથી અગાઉથી સૂચના આપી શકો છો (તમારા ખાતાને ડીઆઈએસમાં ઉલ્લેખિત અમલીકરણ તારીખ પર જ ડેબિટ કરવામાં આવશે).

14. ભાવિ અમલીકરણ તારીખ સાથે ડિલિવરી સૂચના આપીને મને શું ફાયદો થશે?

ભાવિ તારીખની સૂચના આપીને સમયના અભાવે અથવા છેલ્લા મિનિટના ધસારોને કારણે સૂચનાને અમલમાં ન મૂકવાના જોખમને ટાળી શકાય છે. તમે તમારી પસંદના દિવસે ઇચ્છિત લાભાર્થીના ખાતામાં શેર વગેરે ટ્રાન્સફર થાય તે સુનિશ્ચિત કરવા માટે આ સુવિધાનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકો છો.

15. ઓફ માર્કેટ ટ્રાન્સફરના સંદર્ભમાં 'કારણ/હેતુ' અને ' વિચારણા'નો અર્થ શું થાય છે?

એસઈબીઆઈની માર્ગદર્શિકા અનુસાર, કારણ કે હેતુ કે જેના માટે ઑફ માર્કેટ ટ્રાન્સફર કરવામાં આવે છે તો આવા ટ્રાન્સફર હાથ ધરવા અને વિચારણા કરવામાં આવે, તો આવા

ટ્રાન્સફર માટે સબમિટ ડિલિવરી સૂચના સ્લિપ પર ઉલ્લેખ કરવાની જરૂર છે. 'કારણ/હેતુ' માટે ડીઆઈએસ બુકલેટમાં વિવિધ વિકલ્પો આપવામાં આવેલ હોઈ છે. તમારે યોગ્ય પસંદ કરવાની જરૂર છે અને તેને ડીઆઈએસ પર ઉલ્લેખ કરવાની જરૂર છે. જો ટ્રાન્સફરનું કારણ/હેતુ 'ઓફ માર્કેટ સેલ' હોઈ, તો વિચારણા રકમ ઉપરાંત, તમારે નીચેની વિગતોનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે -

a. ચુકવણીની તારીખ.
b. ચુકવણીનો પ્રકાર (રકમ, ચેક અથવા ઈલેક્ટ્રોનિક ચુકવણી).
c. જો ચુકવણીનો પ્રકાર ચેક અથવા ઈલેટ્રોનિક ચુકવણી હોઈ, ટ્રાન્સફરરનું નામ, બેન્ક ખાતા નંબર, બેન્કનું નામ, ઈલેક્ટ્રોનિક ચુકવણી માટે ટ્રાંઝેક્શન સંદર્ભ નંબર અથવા ચેક નંબર ચેક ચુકવણી માટે આવશ્યક છે.

સિક્યોરિટીઝનું ટ્રાન્સમિશન

1. ડિમેટ ખાતાના સંદર્ભમાં ટ્રાન્સમિશનનો અર્થ શું છે?

ટ્રાન્સમિશન કાયદાની પ્રક્રિયા છે જેના દ્વારા મૃત ખાતું ધારકની સિક્યોરિટીઝને મૃત ખાતું ધારકના હયાત જોઈન્ટ ધારક(કો)/ કાનૂની વારસદાર / નોમિનીને ટ્રાન્સફર કરવામાં આવે છે. ડિમટીરિયલાઈઝ્ડ હોલ્ડિંગ્સના કિસ્સામાં ટ્રાન્સમિશનની પ્રક્રિયા પ્રમાણમાં સાનુકૂળ હોઈ છે કારણ કે ડીમેટ ખાતામાં રહેલ તમામ સિક્યોરિટીઝ માટે ટ્રાન્સમિશન ઔપચારિકતાઓ ડીપીને જરૂરી દસ્તાવેજો જમા કરાવીને પૂર્ણ કરી શકાય છે. આ હેતુ માટે વિવિધ કંપનીઓને સંપર્ક કરવાની જરૂર નથી, જે જયારે સિક્યોરિટીઝ ભૌતિક સ્વરૂપમાં હોઈ ત્યારે આવશ્યક હોઈ છે.

ખાતા ધારકના મૃત્યુ પછી (એકમાત્ર ધારક અથવા જોઈન્ટ ધારક), ટ્રાન્સમિશન કેવી રીતે થાય છે, તે આકૃતિ નંબર 6માં વર્ણવવામાં આવ્યું છે –

ટ્રાન્સમિશન

ની ઘટનામાં ↓	ની તરફેણમાં ટ્રાન્સમિશન ↓	
	નોમિનેશન આપેલ	નોમિનેશન આપેલ નથી
એક ધારકનીનું મૃત્યુ	નોમિની	કાનૂની વારસદાર(અનુગામી પ્રમાણપત્ર / પ્રોબેટ / વહીવટ પત્ર મુજબ)
જોઇન્ટ ધારકોમાંથી એકનું મૃત્યુ	હયાત જોઇન્ટ ધારક(કો)	હયાત જોઇન્ટ ધારક(કો)
બધા જોઇન્ટ ધારકોનું મૃત્યુ	નોમિની	કાનૂની વારસદાર(અનુગામી પ્રમાણપત્ર / પ્રોબેટ / વહીવટ પત્ર મુજબ)

આકૃતિ 6

2. એકમાત્ર ખાતા ધારકના મૃત્યુના કિસ્સામાં નોમિનીને સિક્યોરિટીઝ ટ્રાન્સમિશનની પ્રક્રિયા શું છે?

એકમાત્ર ખાતા ધારકના મૃત્યુના કિસ્સામાં, સિક્યોરિટીઝના ટ્રાન્સમિશન માટે, નોમિનીએ નોટરી પબ્લિક અથવા ગેજેટ્ડ ઑફિસર દ્વારા પ્રમાણિત મૃત્યુ પ્રમાણપત્રની નકલ સાથે યોગ્ય રીતે ભરાયેલા ટ્રાન્સમિશન ફોર્મને જમા કરાવવાનું રહે છે. દાવેદારનું ખાતું એ જ સહભાગી સાથે ન હોઈ તો, દાવેદારની ખાતાની ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટની નકલ (સંબંધિત ડીપી દ્વારા પ્રમાણિત) પણ આવશ્યક છે. આ દસ્તાવેજોની ચકાસણી પછી, ડીપી નોમિનીના ડીમેટ ખાતામાં સિક્યોરિટીઝ ટ્રાન્સમિટ કરશે.

3. એકમાત્ર ખાતા ધારકના ડીમેટ ખાતામાં નોમિની નહીં હોઈ તો શું થશે?

આવા કિસ્સામાં, સિક્યોરિટીઝ સક્ષમ કોર્ટના આદેશ દ્વારા નિર્ધારિત હોઈ તેમ કાનૂની વારસદાર(ઓ)ના ખાતામાં ટ્રાન્સમિટ કરવામાં આવશે. આ હેતુ માટે નીચેના દસ્તાવેજોની જરૂર હોઈ છે -

a. યોગ્ય રીતે ભરવામાં આવેલ ટ્રાન્સમિશન ફોર્મ.
b. નોટરી પબ્લિક દ્વારા અથવા ગેઝેટ્ડ અધિકારી દ્વારા પ્રમાણિત મૃત્યુ પ્રમાણપત્રની કૉપિ.
c. નોટરી પબ્લિક દ્વારા અથવા ગેઝેટ્ડ અધિકારી દ્વારા પ્રમાણિત ઉત્તરીય પ્રમાણપત્રની એક કૉપિ અથવા
d. સક્ષમ અધિકારક્ષેત્રના અદાલતનો આદેશ જ્યાં મૃતક વિલ મૂકી ગયા નથી અથવા
e. વિલની પ્રોબેટની નકલ અથવા
f. નોટરી પબ્લિક દ્વારા અથવા ગેઝેટ્ટેડ અધિકારી દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત વહીવટી પત્ર.
g. દાવેદારનું ખાતું એ જ સહભાગી સાથે ન હોઈ તો, દાવો કરનારના ખાતાની ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટની નકલ પણ આવશ્યક છે (સંબંધિત ડીપી દ્વારા પ્રમાણિત)

જો કે, સિક્યોરિટીઝનું મૂલ્ય રૂ. 5,00,000 / - ની નીચે હોઈ તો (ટ્રાન્સમિશન માટે અરજીના દિવસે), ડીપી નીચેના દસ્તાવેજોને આધારે વિનંતી પર પ્રક્રિયા કરી શકે છે:

a. યોગ્ય રીતે ભરવામાં આવેલ ટ્રાન્સમિશન ફોર્મ.
b. નોટરી પબ્લિક દ્વારા અથવા ગેઝેટ્ડ અધિકારી દ્વારા પ્રમાણિત મૃત્યુ પ્રમાણપત્રની કૉપિ.
c. બાંયધરી પત્ર (સૂચિત સ્વરૂપમાં)

d. એફિડેવિટ(સૂચિત સ્વરૂપમાં) અને
e. નિર્ધારિત સ્વરૂપમાં અથવા કુટુંબ સમાધાન ડીડમાં કોઈ વાંધો નથી તેનું પ્રમાણપત્ર (ઓ).
f. દાવેદારનું ખાતું એ જ સહભાગી સાથે ન હોઈ તો, દાવો કરનારના ખાતાની ક્લાયન્ટ માસ્ટર રિપોર્ટની નકલ પણ આવશ્યક છે (સંબંધિત ડીપી દ્વારા પ્રમાણિત)

4. એક અથવા વધુ જોઈન્ટ ધારકોના મૃત્યુના કિસ્સામાં ટ્રાન્સમિશન માટેની પ્રક્રિયા શું છે?

આવા કિસ્સામાં, સિક્યોરિટીઝ હયાત ધારક (ઓ) ને ટ્રાન્સમિટ કરવામાં આવશે, નોમિનેશનને ધ્યાનમાં લીધા વિના. ઉદાહરણ તરીકે, જો ખાતું સંયુક્ત નામો શ્રી એ, શ્રી બી અને શ્રીમતી સી ના નામે હોઈ, તો શ્રી બી ના મૃત્યુના કિસ્સામાં સિક્યોરીટીઝ હયાત ધારકો શ્રી એ અને શ્રીમતી સી ને ટ્રાન્સમિટ થાય છે. હયાત ધારકોએ નીચેના દસ્તાવેજો ડીપીમાં જમા કરવવાનું રહેશે:

a. યોગ્ય રીતે ભરવામાં આવેલ ટ્રાન્સમિશન ફોર્મ.
b. નોટરી પબ્લિક દ્વારા અથવા ગેઝેટ્ડ અધિકારી દ્વારા પ્રમાણિત મૃત્યુ પ્રમાણપત્રની કૉપિ.

ઉપરોક્ત દસ્તાવેજોની ચકાસણી કરી અને પોતે સંતોષાય પછી, ડીપી સિક્યોરિટીઝને હયાત ધારકના ખાતામાં ટ્રાન્સમિટ કરશે અને મૃતકનું ખાતું બંધ કરશે

5. 'ટ્રાન્સમિશન કમ ડીમેટ'નો અર્થ શું થાય છે?

' ટ્રાન્સમિશન કમ ડીમેટ' ખૂબ ઉપયોગી સુવિધા છે જયારે એક જોઈન્ટ ધારક ભૌતિક સ્વરૂપમાં રહેલી સિક્યોરિટીઝમાં હોઈ અને બાકીના ધારક(કો) ડીમેટ સ્વરૂપમા તેમના નામની સિક્યોરિટીઝ ટ્રાન્સમીટ કરવા માંગતા હોઈ. આ સુવિધાનો ઉપયોગ કરીને મૃત્યુ પામનાર સંયુક્ત ધારકોમાંના એકનું નામ કાઢી નાખવું અને સિક્યોરિટીઝનું

ડિમટીરિયલાઈઝેશન એક જ પગલામાં કરી શકાય છે. આ આકૃતિ નંબર 7માં સમજાવવામાં આવ્યું છે -

ટ્રાન્સમિશન અને ડીમેટ સવિધા

શેર પ્રમાણપત્ર	ની ઘટનામાં	ડીમેટ ખાતું
A અને B અથવા B અને A	એક ધારકનું મૃત્યુ - A	B
A, B અને C (કોઇપણ ક્રમ)	બે ધારકોનું મૃત્યુ - A અને B	C

તમારા ડીપીને મૃત્યુ પ્રમાણપત્ર (ઓ) અને ટ્રાન્સમિશન વિનંતી સાથે ડીઆરએફ સબમિટ કરો

આકૃતિ 7

નોમિનેશન

1. 'નોમિનેશન'નો અર્થ શું છે?

નોમિનેશન એ એક સરળ પ્રક્રિયા છે જેના દ્વારા સિક્યોરિટીઝ ધારક તેના / તેણીના મૃત્યુના કિસ્સામાં આ સિક્યોરિટીઝ પ્રાપ્ત કરનાર વિશે તેની / તેણીની પસંદગી વિશે જણાવે છે. ડિમેટ ખાતાના સંદર્ભમાં નોમિનેશનની પ્રક્રિયા ડીમેટ ખાતું ખોલાવતી વખતે અથવા ત્યારબાદ કોઈપણ સમયે કરી શકાય છે.

2. કોણ નોમિનેટ કરી શકે?

નોમિનેશન માત્ર જે વ્યક્તિ ડીમેટ ખાતું એકલા અથવા સંયુક્ત ખાતું ધરાવતા હોઈ તેના દ્વારા થઈ શકે છે. બિન-વ્યક્તિગત ધારકો જેમકે સોસાયટી, ટ્રસ્ટ, બોડી કોર્પોરેટ, ભાગીદારી પેઢી, હિન્દુ અવિભાજ્ય કુટુંબના કર્તા અને પાવર ઓફ એટર્ની ધારક નોમિનેટ નથી કરી શકતા.

3. સંયુક્ત ધારકો નોમિનેટ કરી શકે?

હા. સંયુક્ત ધારકો સાથેના ખાતાઓ માટે નામાંકનની મંજૂરી છે. તેમછતાં, જોઈન્ટ ધારક(કો)ના મૃત્યુના કિસ્સામાં, સિક્યોરિટીઝ હયાત ધારક(ઓ)ને મોકલવામાં આવશે. બધા જોઈન્ટ ધારકોના મૃત્યુના કિસ્સામાં, સિક્યોરીટીઝ નોમીનીના નામે ટ્રાન્સમિટેડ થાય છે. (જો નોમિનેશન આપવામાં આવેલ હોઈ, નહીં તો કાનૂની વારસદાર)

4. એનઆરઆઈને નોમિનેટ કરી શકાય?

હા, એનઆરઆઈને સીધા નોમિનેટ કરી શકાય છે. તેમછતાં, પાવર ઓફ એટર્નીના ધારક એનઆરઆઈ વતી નોમિનેટ કરી શકતાં નથી.

5. શું સગીર નોમિનેટ કરી શકે?

ના. સગીર સીધેસીધા કે તેના/તેણીના ગાર્ડિયન દ્વારા નોમિનેટ કરી શકતા નથી.

6. નોમિની કોણ હોઈ શકે?

માત્ર એક જ વ્યક્તિ નોમિની હોઈ શકે. બિન-વ્યક્તિ જેમકે સોસાયટી, ટ્રસ્ટ, બોડી કૉર્પોરેટ, ભાગીદારી પેઢી, હિંદુ અવિભાજ્ય કુટુંબના કર્તા અથવા પાવર ઓફ એટર્ની ધારક ડીમેટ ખાતામાં નોમિની ન હોઈ શકે.

7. શું એક કરતાં વધુ નોમિની હોઈ શકે?

હા, હાલમાં એક ડીમેટ ખાતા માટે ત્રણ નોમિનેશન કરી શકાય છે. જો બે અથવા ત્રણ નોમિની જણાવાયેલ હોઈ, તોપછી તેના પ્રમાણ (%)નો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે જેમાં ખાતું ધારક પોતાના મૃત્યુ પછી વિવિધ સિક્યોરિટીઝ ટ્રાન્સમિટ કરવા ઈચ્છે છે.

8. શું સગીર નોમિની બની શકે?

હા, સગીર નોમિની બની શકે છે. જયારે ડીમેટ ખાતામાં સગીર નોમિની તરીકે ઉલ્લેખિત હોઈ, તેના/તેણીના ગાર્ડિયનની વિગતો પણ જણાવાયેલ હોવી જોઇએ.

9. શું ડીમેટ ખાતામાં રહેલી દરેક સિક્યોરિટીઝ માટે અલગ નોમિનેશન કરી શકાય છે?

ના. નોમિનેશન ખાતા મુજબ કરી શકાય છે અને નહીં કે સિક્યોરીટીઝ મુજબ. આનો અર્થ છે કે, ખાતા ધારકના મૃત્યુના કિસ્સામાં, ડીમેટ ખાતામાં રહેલી બધી સિક્યોરિટીઝ પૂર્વ-નોંધાયેલા પ્રમાણમાં નોમિની(ઓ)ને ટ્રાન્સમીટ કરવા માટે જવાબદાર છે. જો તમે જુદી જુદી સિક્યોરિટીઝ માટે અલગ નોમિનીની ઈચ્છા રાખો, તો તમે સિક્યોરિટીઝને જુદા જુદા ડીમેટ ખાતામાં રાખવા વિચારી શકો છો અને તમારી પસંદગી પ્રમાણે નોમિની જણાવી શકો છો.

10. શું એનઆરઆઈ નોમિની બની શકે?

હા, વિદેશી વિનિમય નિયમનોની જોગવાઈ અનુસાર એનઆરઆઈ ડીમેટ ખાતામાં નોમિની બની શકે છે.

11. નોમિની નિયુક્ત કરવાની પ્રક્રિયા શું છે?

ડીમેટ ખાતા ધારકે ખાતું ખોલાવતી વખતે ખાતું ખોલાવવાના ફોર્મમાં નોમીની(ઓ) સંબંધિત માહિતીનો ઉલ્લેખ કરવો જોઇએ. એક ડીમેટ ખાતામાં ત્રણ જેટલા વ્યક્તિને નોમીની તરીકે દાખલ કરી શકાય છે.

જો, ખાતું ખોલાવતી વખતે નોમિનેશન ન કરવામાં આવ્યુ હોઈ અથવા થયું હોઈ પરંતુ ખાતા ધારક(કો) પાછળથી કોઈપણ સમયે તેને બદલવા ઈચ્છે છે, તો 'નોમિનેશન ફોર્મ' ભરી તેને ડીપીમાં મોકલાવાની જરૂર છે.

12. શું નોમિની બદલી શકાય છે?

હા, નોમિનેશન એક વખત ફરીથી નોમિનેશન ફોર્મ ભરીને અને ડીપીને સુપરત કરીને ખાતાધારક (ઓ) દ્વારા બદલી શકાય છે.

13. ડીમેટ ખાતામાં નોમિની હોવું જરૂરી છે?

ડીમેટ ખાતા માટે નોમિનેશન ફરજિયાત નથી. તેમછતાં, ડીમેટ ખાતામાં નોમિનીનો ઉલ્લેખ કરવાની ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે. એકમાત્ર ખાતાધારકના મૃત્યુના કમનસીબ કિસ્સામાં, તે ટ્રાન્સમિશનની પ્રક્રિયા ખૂબ જ સરળ અને ઝડપી બનાવે છે. જો તમે ખાતું ખોલાવતી વખતે કોઈ નોમિનીનો ઉલ્લેખ કરવા માંગતા નથી, તો તમારે જણાવવાનું રહેશે કે, "હું/અમે નોમિનેશન કરવા ઈચ્છતા નથી".

સિક્યોરીટીઝને ગિરવે મુકવી અને હાયપોથિકેશન

1. સિક્યોરીટીઝને ગિરવે મુકવાનો અર્થ શું થાય છે?

ગીરે મૂકવું એ મૂળભૂત રીતે એક વ્યક્તિ (પ્લેજર) દ્વારા અન્ય વ્યક્તિ (પ્લેજી)ની તરફેણમાં સિક્યોરીટી તરીકે અથવા પ્લેજ દ્વારા આપવામાં આવેલ એક્સપોઝર માટે કોલેટરલ છે. સામાન્યરીતે, શેર સામે લોન લેવા માટે સંબંધિત શેરહોલ્ડર દ્વારા શેરોને ગિરવે આપવામાં આવે છે.

2. મારે મારા બેંક દ્વારા ઑફર કરાયેલ સિક્યોરિટીઝ સુવિધા સામે લોન મેળવવા માટે મારા ડીમેટ ખાતામાં રહેલા શેરોને ગિરવે મુકવા મારે શું કરવું જોઈએ?

પ્રક્રિયાઓ નીચે મુજબ છે:

a. લોન, સમયગાળો, વ્યાજના દર અને કોલેટરલ તરીકે ઑફર કરાયેલ સિક્યોરિટીઝ, વગેરેની દ્રષ્ટિએ તમારે બેંક સાથેના સોદા પર પહોંચવાની જરૂર છે. આવા સોદાના વાણિજ્યિક પાસાઓ પરસ્પર વાટાઘાટોનો વિષય છે અને તેથી ડિપોઝિટરીના કાર્યક્ષેત્રની બહાર છે.

b. તમે બંને (પ્લેજર) અને બેન્ક/ ધીરનાર (પ્લેજી) એ જ ડિપોઝિટરીમાં ડીમેટ ખાતું હોવું આવશ્યક છે (એક જ અથવા અલગ અલગ ડીપીમાં).

